# આજે પાંચ વોર્ડના દાવેદારોને ભાજપ સાંભળશે

## પ્રદેશ કારોબારી અને કોંગ્રેસમાં ધરણાના કારણે સોમવારે પસંદગી પ્રક્રિયામાં રજા રહી

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

મહાનગરના મહાસંગ્રામની પ્રક્રિયાનો પ્રથમ દિવસ પૂર્ણ થયો. સોમવારે બંને પક્ષોમાં પસંદગીની પ્રક્રિયામાં રજા હતી. ભાજપની પ્રદેશ કારોબારીને કારણે નેતા ગણ બેઠકમાં હતાં અને કોંગ્રેસમાં દેશવ્યાપી ધરણાને કારણે નેતાઓ ધરણામાં હતા. પરંતુ લોકવિકાસ મંચની ઉમેદવાર પસંદગી સમિતિની બેઠક આ લખાય છે ત્યારે ચાલી રહી છે. મોડી સાંજ કે રાત્રે કેટલાક ઉમેદવારોની સત્તાવાર જાહેરાત થવાની શકયતા છે, એમ મંચના પ્રમુખ ડી.ટી. પટેલે વાતચીતમાં જણાવ્યું હતું. આવતીકાલે ભાજપ દ્વારા પાંચ બોર્ડમાં દાવેદારોની રજુઆતો સાંભળવાની કામગીરી હાથ ધરાશે અને પૂર્ણ પણ કરાશે. કોંગ્રેસના નિરીક્ષકો પણ પેનલોને આખરી ઓપ આપી હાઈકમાન્ડને યાદી સોંપશે. આમ મંગળવારે બેઠકોનો ધમધમાટ રહેશે અને રાજકીય માહોલ જામશે.

દાવેદારોની સંખ્યાના મામલે બંને પક્ષોમાં ગત ચૂંટણી કરતા ઉછાળો છે જ. એક એક બેઠક માટે છ-છ, સાત-સાત ઉમેદવારો દાવેદારી કરી રહ્યા છે. સીટીંગ કોર્પોરેટરોમાં વધુ એક કોર્પોરેટરે ચૂંટણી લડવાની અનિચ્છા જાહેર કરતા ભાજપના ત્રણ અને કોંગ્રેસના એક એમ ચાર કોર્પોરેટરો મહાસંગ્રામમાં નહી જોડાવવાની જાહેરાત કરી ચૂકયા છે. અગાઉ ભાજપના વરિષ્ઠ આગેવાન અને ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, વોર્ડ નં. ૪ના સીટીંગ કોર્પોરેટર સંદીપ જયોતિકર, વોર્ડ નં. ૩ના કોંગ્રેસના મહિલા કોર્પોરેટર ભાવનાબા વાઘેલા પણ ચૂંટણી નહિ લડવાની અગાઉ જાહેરાત કરી ચૂકયા છે.

જુના વોર્ડ નં. ૧ના અને નવા સીમાંકન મુજબ વોર્ડ નં. ૪ના સીટીંગ કોર્પોરેટર શ્રી પ્રકાશભાઈ પટેલે પણ પક્ષના નિરીક્ષકો સમક્ષ ચૂંટણી લડવાની અનિચ્છા વ્યકત કરી હતી. શ્રી પ્રકાશભાઈએ વ્યવસાયિક બોજને કારણે પક્ષ માટે અને વોર્ડ માટે સમય ફાળવવાની સમસ્યાઓ હોવાને કારણે સ્વેચ્છાએ દાવેદારીમાંથી પોતાનું નામ ખેંચ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પ્રકાશભાઈ પટેલે આખી ટર્મ એટલે કે પાંચ વર્ષ સુધી કોર્પોરેટર તરીકેના પગાર ભથ્થા પણ લીધા નથી. શ્રી પ્રકાશ પટેલ નગરના જાણીતા બિલ્ડર છે અને અગાઉ ગાંધીનગર બિલ્ડર એસોસીએશનના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી ચૂકયા છે. જુના વોર્ડ નં. ૧૧ અને હાલના વોર્ડ નં. ૮ના સીટીંગ મહિલા કોર્પોરેટર શ્રીમતી રમીલાબેન પરમારના બદલે તેમના પતિ અને ભાજપના વરિષ્ઠ અગ્રણી શ્રી નરેશભાઈ પરમાર ચૂંટણી લડશે એમ ભાજપના ટોચના આગેવાનો માને છે. આમ વર્તમાન તેત્રીસ કોર્પોટરોમાંથી ચાર ભાજપના અને એક કોંગ્રેસના કોર્પોરેટરોએ સ્વેચ્છાએ ચૂંટણી જંગમાં ઝંપલાવવાની અનિચ્છા પ્રદર્શિત કરી છે.

કોંગ્રેસનો મોરચો સોમવારે શાંત લાગતો હતો. વર્તમાન અને સંભવિત દાવેદારો શકિત પ્રદર્શનમાં જોડાયા હતા. કોંગ્રેસમાં પણ ટિકીટની ખેંચતાણ જોરદાર છે. મહાનગરપાલિકાની ટિકીટ મેળવવા દિલ્હી સુધી ફોનની ઘંટડીઓ રણકે છે. કેટલીક બઠકોમાં તો દિલ્હીથી દબાણ આવવાની સંભાવનાઓ ચર્ચાય છે. જેના જેના ગોડફાધર દિલ્હી સાથે સંપર્કમાં છે તેમને તેમને ટિકિટની ખાત્રી પરોક્ષ રીતે પહોંચી છે. પણ આ તો રાજકારણ, ન જાણ્યુ જાનકી નાથે સવારે શું થવાનું છે. આવી અનિશ્ચિતતાઓ માહોલને વધુ રસપ્રદ બનાવે છે. કોંગ્રેસ મોવડીમંડળ સાચવીને અર્થાત ફુંકી ફુંકીને છાશ પીવે છે. થોડા કડવા અનુભવો થયા હોવાને કારણે ઉતાવળે નિર્ણય નહિ લેવાની માનસિકતા તમામ નેતાઓમાં છે. આમ છતાં કોંગ્રેસનો કકળાટ સાતમી આઠમીએ બહાર આવશે એવી ચર્ચાઓ પણ છુટથી ચાલે છે.

કેટલાક અપક્ષ ચૂંટણી લડવા પણ થનગનતા નાગરિક કયાસ કાઢી રહ્યા છે. શું થાય? કેમ થાય? ની ચર્ચાઓ ચલાવી રહ્યા છે. પણ આવા મહાસંગ્રામમાં અપક્ષોની ઉમેદવારી મોટા ભાગે પરીણામલક્ષી બનતી નથી. પરંતુ ગાંધીનગરમાં લોક વિકાસ મંચના ઉમેદવારો હાર જીતના પરિણામોમાં નિર્ણાયક ભૂમિકા ઉભી કરશે એમાં બેમત નથી. લોક વિકાસ મંચ પાસે અનુભવી, શિક્ષિત અને સ્પષ્ટ વિચારધારા સાથેના બિનરાજકીય નાગરિકોનો સમૂહ છે એટલે પરિણામ ચોકકસ અસરકારક બનશે આમ છતાં ઉમેદવારોના નામ જાહેર થયા બાદ કયા વોર્ડમાં કેવા સમીકરણો રચાશે તે ત્યારે જ સમજાશે.

### લોક વિકાસ મંચ આજ-કાલમાં જ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરશે : ભાજપના વધુ એક સીટીંગ કોર્પોરેટર પ્રકાશભાઈ પટેલે ચૂંટણી લડવાની અનિચ્છા વ્યકત કરી

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા અફસોસ ન કર... આપણો દેશ જ સહિષ્ણુ છે... માલીયા જીતીને ગયો એમ આ કાળીયા...!!

# આઈટીઆઈ નજીક ભમરા-મધમાખીએ કેર વર્તાવ્યો..!!

## આશરે સાતેક નગરજનો ઉડતી ભમરા મધમાખીના ઝુંડના શિકાર બન્યા : ત્રણને સારવાર અર્થે લઈ જવાયા જેમાંથી એકની હાલત ગંભીર

ગાંધીનગર, તા.૪

આજે ગાંધીનગરના માર્ગ નં. ૫ પર આશરે ૧૦થી ૧૧ વાગ્યાના સુમારે ભમરા મધમાખીએ કેર વર્તાવ્યો હતો. ગ-૫ થી ખ-૫ની વચ્ચે આઈટીઆઈ નજીક ઉડેલી મધમાખીઓ આશરે પાંચથી સાત જણને કરડી હતી જેમાંથી ત્રણેય વ્યકિતઓને તો સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવી પડી હતી. આ ઉપરાંત સે-૨૧/૩૦ના બસ સ્ટેન્ડ નજીક પણ ભમરા મધમાખીઓ ઉડી હતી અને ભય ઉત્પન્ન કર્યો હોવાના અહેવાલ સાંપડયા છે. મધમાખી કરડવાથી સારવાર અર્થે લઈ જવાયેલા પિડીતોમાં એકની હાલત વધુ ગંભીર હોવાથી દાખલ કરવો પડયો હતો તેવું સૂત્રોના આધારે જાણવા મળ્યું છે.

ઉનાળાનો તાપ વધવા લાગ્યો છે આ કારણે ઝાડ પર કે અન્ય સ્થળે બેસેલ ભમરા મધમાખીના પૂડા પર જો તાપ પડે તો વિચલિત થઈ ઉડાઉડ કરવા લાગે છે. આ ઉડતા મધમાખીના ઝુંડની ઝપેટમાં જો માનવી આવી જાય તો સમજો તેવું આવી જ બન્યું. આજે રોડ નં. ૫ પર બે સ્થળોએ આ પ્રકારે મધમાખીઓનો હુમલો થવા પામ્યો હતો. જેનો ભોગ આશરે સાતેક વ્યકિત બન્યા હતા. આમાંથી ત્રણેક વ્યકિતને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવાની નોબત આવી હતી. આ પિડીતોમાંથી બે વ્યકિતને તો ઓપીડી સારવાર આપી રજા અપાઈ હતી પરંતુ એકની હાલત વધુ પડતા ભમરા કરડવાને કારણે ગંભીર જણાતા સઘન સારવાર અર્થે દાખલ કરવી પડી હતી. આ વ્યકિતને તબીબો દ્વારા સતત દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી. ગરમીના દિવસોમાં ગાંધીનગરના હરિયાળા ઘટાટોપ વૃક્ષો પર અનેક જગ્યાએથી મધમાખીઓના પૂડા પર તાપ પડતા ભમરા ઉડવાના બનાવો બનવાની શકયતા રહેલી હોઈ બપોરના સમયે વાહનચાલકો તથા રાહદારીઓએ સાવધાની રાખવાની જરૂરિયાત જણાઈ રહી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગરના બે આશાસ્પદ યુવાનોના આજે વડોદરા નજીક રણોલી પાસે થયેલા અકસ્માતમાં મોત થયાનું જાણવા મળેલ છે. જે એક ખાનગી જીમ સાથે સંકળાયેલા હતા.
- ગાંધીનગરમાં આજે કોંગ્રેસના ધારાસભ્યો વિપક્ષી નેતાના નેતૃત્વમાં રાજ્યપાલને મળી જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનઃ વસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતાના અધિકાર વિધેયકને મંજૂરી ન આપવા આવેદન-પત્ર આપશે.
- ગાંધીનગર શહેરમાં મહાનગરપાલિકાની ચૂંટણી અંગેનું આજે જાહેરનામુ પ્રગટ થયું છે.
- રાજ્યના વિજીલન્સ કમિશ્નર તરીકે નિયુક્ત થયેલા નિવૃત્ત-ઉચ્ચ સનદી અધિકારીશ્રી એચ.કે. દાસે હજુ તેમની નવી જગ્યાનો ચાર્જ નહિ સંભાળ્યો હોવાથી અનેક તર્કવિતર્ક પાટનગરમાં ચાલી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારાના અમલીકરણનો આરંભ ૬ઠ્ઠી એપ્રિલના રોજ રાજ્યના પંચાયત મંત્રીશ્રી જયંતિભાઈ કવાડિયા કરાવશે.
- ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષમાં ઉમેદવારોનો રાફડો ફાટતાં નેતાઓની કવાયત વધુ પેચીદી બની છે અને બન્ને પક્ષો દ્વારા અંતિમ દિવસોમાં જ ઉમેદવારી નોંધાવાશે તેવા સંકેતો રાજકીય વર્તુળોમાંથી મળ્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હવે તબીબોની તંગી ધીમી ગતિએ વર્તાતી જણાય છે કારણ કે વીઆઈપી વિઝીટ અને સરકારી કાર્યક્રમોમાં તબીબી અધિકારીઓ વધુ અટવાતા જણાયા છે.

# ગાંધીનગરમાં ૧૦મી મે ના રોજ થેરાપીસ્ટની સ્પર્ધાત્મક લેખિત કસોટી યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની જુદા જુદી આરોગ્યલક્ષી સેવા આપતી સંસ્થાઓ હોસ્પિટલોમાં ખાલી પડેલી ફિઝીયોથેરાપીસ્ટ, ઓક્યુપેશન થેરાપીસ્ટ અને સ્પીચ થેરાપીસ્ટ વગેરેની જગ્યાઓ ભરવા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જેમાં જુદી જુદી ૩૫૨ પોસ્ટ માટે અરજીઓ ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવી હતી. આથી રાજ્યભરમાંથી ૨૫૦૦ જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જેની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ૧૦મી મે ૨૦૧૬ના રોજ યોજાશે.

ગુજરાત રાજ્ય આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ અધિક નિયામકશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીઓમાં વર્ગ-૩ની જુદા જુદા તાંત્રિક સંવર્ગોની જગ્યાઓ ભરવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. આ જાહેરાત સંદર્ભે મંડળે ૩૫૨ જગ્યાઓ ભરવા ઉમેદવારો પાસેથી ઓજસની વેબસાઈટ પર અરજીઓ મંગાવી હતી. જેમાં ૨૫૦૦ જેટલા ઉમેદવારોએ પોતાની ઓનલાઈન અરજીઓ કરી હતી. મંડળે આખરી છણાવટના અંતે આગામી ૧૦મી મે, ૨૦૧૬ના રોજ સ્પર્ધાત્મક લેખિત કસોટીનું આયોજન કર્યું છે. ૧૦મી મે ના રોજ ગાંધીનગરના ૧૦ જેટલા સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્ર પર ૨૫૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે.

**ગાંધીનગરના ૧૦ પરીક્ષા કેન્દ્રો પર ફિઝીયો, ઓક્યુપેશનલ અને સ્પીચ થેરાપીસ્ટના ૨૫૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે**

## શહેરમાં ઉત્કલ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ઉડીયા સમાજ દ્વારા આયોજીત ઉત્કલ દિવસમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા ઈવેન્ટ મેનેજ કરવામાં આવી હતી. રાજયકક્ષાના આ કાર્યક્રમમાં બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા સ્ટેજ મેનેજમેન્ટ, ફુડ કમિટી, ક્રાઉડ મેનેજમેન્ટ કમિટી જેવી જવાબદારીઓ નિભાવવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક પર્ફોમન્સ આપવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૭ વર્ષથી બીબીએના વિદ્યાર્થીઓ ઉત્કલ દિવસમાં સ્વયંસેવક તરીકે ફરજ બજાવે છે.

# કેન્દ્રના અન્યાયી વલણ સામે કોંગ્રેસના દેખાવો યોજાયા

ગાંધીનગર, તા. ૪

કેન્દ્ર સરકારના અન્યાયી વલણ અને તેમાંય ખાસ કરીને કોંગ્રેસ શાસિત રાજ્યો સામે દાખવવામાં આવતા ભેદભાવને લઈ આજે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણા યોજવામાં આવ્યા હતા તેમજ ધરણાને અંતે જિલ્લા કલેક્ટરને આવેદન-પત્ર આપી રજુઆત કરવામાં આવી હતી.

કોંગ્રેસ દ્વારા આજરોજ સમગ્ર રાજ્યમાં જિલ્લા મથકે ધરણાના કાર્યક્રમોનું આયોજન થયું હતું. જેના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં આજે તા. ૪ એપ્રિલ ૨૦૧૬ને સોમવારના રોજ ૨.૦૦ કલાકે સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે ધરણા-દેખાવો યોજી કલેક્ટરશ્રી ગાંધીનગરને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસ, જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી કીર્તિબેન પટેલ, પંકજભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, અરવિંદસિંહ સોલંકી, કાળુસિંહ રાઠોડ, જવસિંહ ચારેલ, વિક્રમસિંહ ખાચર, જગતસિંહ બિહોલા, ભદ્રેશાઈ સોની, ચીમનભાઈ વિંઝુડા, રાજેન્દ્રસિંહ ચાવડા સાથે મોટી સંખ્યામાં સમગ્ર જિલ્લામાંથી કાર્યકરો-આગેવાનો હાજર રહ્યા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

# બાવન વાંટા રાજપૂત સમાજનો પ્રથમ સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સે. ૧૨ ખાતેના રાજપૂત સમાજ ભવને આજે બાવન વાંટા રાજપૂત સમાજનો પ્રથમ સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં સમાજના પરિવારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

સમારંભમાં ધારાસભ્ય-દંડક બલવંતસિંહ રાજપૂત, પ્રો. કિશોરસિંહ સોલંકી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમારંભનું અધ્યક્ષપદ પ્રો. કિશોરસિંહ સોલંકીએ તથા મુખ્ય મહેમાન પદ મહેન્દ્રસિંહ વાઘેલાએ સંભાળ્યુ હતુ. સમારંભમાં સ્વાગત પ્રવચન કરતા સમાજના પ્રમુખ ડૉ. જસવંતસિંહ જાડેજાએ મહેમાનોને આવકારતા સ્વાગત પ્રવચનમાં રાજપૂત સમાજની શૌર્યગાથાઓને ટુંકમાં વર્ણવી હતી. તેમણે મીરાંબાઈને યાદ કરતા રાજપૂત સમાજનો ઈતિહાસ સમૃદ્ધ હોવાનું જણાવ્યું હતું. સમારંભનો પ્રારંભ બ્લ્યુ બબલ્સ એકેડેમીના કલાકારો દ્વારા પ્રસ્તુત કરાયેલ ગણેશ વંદના તથા સ્વાગત ગીત દ્વારા થયો હતો. ત્યાર બાદ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. સ્નેહમિલન સમારંભનો હેતુ સમાજના પરિવારો વચ્ચે પરિચય વધુ સ્નેહ સેતુ બંધાય, સંગઠિત સમાજ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉન્નતિ અને રોજગારીનું સર્જન થાય તથા યુવાધનને સાચી દિશા મળે તે માટેનો હતો. સમારંભના પ્રમુખ કિશોરસિંહ સોલંકીએ રાજપૂત સમાજને શીલવાન ગણાવતા યુવાનોને આકરી મહેનત કરી ઉજ્જવળ કારકિર્દી ઘડવા પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત કરણસિંહ ચાવડાએ સમાજને તમામ પ્રકારની મદદ માટે તૈયારી દર્શાવી હતી. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ તથા પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં પરિવારોએ ભાગ લીધો હતો. આ સમારંભમાં સમાજના તેજસ્વી તારલાઓને ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરવાનો નિર્ણય લેવાયો હતો.





(તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્યભરમાં તાપમાન ઘટ્યું

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગઈકાલની સરખામણીમાં આજે ગરમીના પ્રમાણમાં એકાએક ઘટાડો થયો હતો. આંકડાની દ્રષ્ટિએ આ ઘટાડો જોવા મળ્યો છે. જો કે લોકો તીવ્ર ગરમીનો અનુભવ કરી રહ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે ૩૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં સતત ફેરફારનો દોર જારી રહ્યો છે. હિટવેટવની કોઈ ચેતવણી જારી કરાઈ નથી.

# ગાંધીનગર જિલ્લામાં ૧૪મીથી ગ્રામ ઉદયથી ભારત ઉદય કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૪ થી ૨૪ એપ્રિલ, ૨૦૧૬ દરમ્યાન ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાન યોજાનાર છે. આ અભિયાન સમગ્ર જિલ્લામાં ત્રણ તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કામાં સામાજીક સમરસતાના કાર્યક્રમ, બીજા તબક્કામાં ગ્રામ કિસાન સભા અને ત્રીજા તબક્કામાં ખાસ ગ્રામસભા યોજાશે. ગ્રામ ઉદયથી ભારત ઉદયના સુવ્યવસ્થિત આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકના આરંભ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જણાવ્યું હતું કે, તા. ૧૪મી એપ્રિલ, ૨૦૧૬ કે જે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિથી તા. ૨૪મી એપ્રિલ ૨૦૧૬ દરમ્યાન રાષ્ટ્રીય પંચાયત દિનની ઉજવણી તબક્કાવાર કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગુજરાત રાજ્યમાં તા. ૧૪મી એપ્રિલથી ગ્રામ ઉદયથી ભારત ઉદયના અભિયાનનો આરંભ થશે. આ અભિયાન થકી ગામમાં સામાજીક સમરસતા, પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ મજબૂત અને સુદૃઢ કરવાનો, ગ્રામ્ય વિકાસને વધુ ઉત્તેજન આપવાનો અને ખેડૂતોનું જીવન ધોરણ વધુ ઉંચુ લાવવાનો છે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીએ જણાવ્યું હતું કે, આ અભિયાન ત્રણ તબક્કામાં સમગ્ર રાજ્યમાં યોજાનાર છે. જેમાં પ્રથમ તબક્કો તા. ૧૪ થી ૧૬ એપ્રિલ દરમ્યાન સામાજીક સમરસતા કાર્યક્રમનો યોજાશે. આ તબક્કા દરમ્યાન જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામજનો દ્વારા ડૉ. બાબાસાહેબને શ્રદ્ધા સુમન અર્પણ કરાશે. ગ્રામજનો દ્વારા ગામમાં સમરસતા ઉભી થાય તે માટેના સંકલ્પ લેવડાવવામાં આવશે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન ચરિત્ર તથા તેમનું દેશ પ્રત્યે આપેલ મહાયોગદાનની વિગતો પર ચર્ચા-પરિસંવાદનો કાર્યક્રમ અને સાહિત્યનું વિતરણ કરવામાં આવશે. સરકારની સામાજીક સમાનતાલક્ષી યોજનાઓથી લોકોને માહિતગાર કરવામાં આવશે. પ્રતિભાશાળી બાળકોનું સન્માન કરવામાં આવશે.

તા. ૧૭ થી ૨૦ એપ્રિલ દરમ્યાન ગ્રામ કિસાન સભાનો કાર્યક્રમ યોજાશે. જેમાં ગામો કિસાન સભા યોજાશે. કિસાન સભામાં ખેતીવાડી, બાગાયત, સિંચાઈ અને અન્ય યોજનાઓથી ખેડૂતોને માહિતગાર કરવામાં આવશે. તે ઉપરાંત પાક વિમા યોજના અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓથી પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવશે.